## સુરતનાં મહે. ૧૯ માં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં.

**ફોજદારી કેસ નંબર. ૧૬૦૯૯ / ૧૮**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : રાહુલભાઇ ભોળાભાઇ રાઠોડ

ગુનો : ઈ.પી.કોડની કલમ ૨૮૩ મુજબ.

**—: ચુ કા દો :—**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામનો આરોપીએ ચાર્જશીટમાં કોલમ નં.૫ ની વિગતે જણાવેલ તારીખે સમયે અને સ્થળે જાહેર રોડ પર પોતાનાં કબજાનું વાહન પ્રતિબંધિત વિસ્તારમાં હંકારી લાવી તે સંબંધિત પોલીસ કમિશ્નરશ્રીનાં જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જતાં આરોપી સામે ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબનો પોલીસે ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીને જામીન મુકત થયા બાદ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતાં હોવાથી જાહેરાત પુરસીસ આંક–૩ થી રજુ કરેલી છે. જે ધ્યાને લેતાં આરોપીની આંક–૪ થી પ્લી લઈ આરોપીને ગુનાની હકિકતો વાંચી સંભળાવી સમજાવતાં અને આરોપી એ મને ગુનો કબુલ છે તેમ જણાવેલુ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ તે નહીં માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેને સજા બાબત પુછતાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમ ગુનો છે પોતાને આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરે છે, જે તમામ સંજોગો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: હુ ક મ :—**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ ૨૮૩ મુજબનો ગુનો કબુલ કરતાં હોઈ, આરોપીને તકસીરવાર ઠરાવું છું આરોપીને ૨૦૦ /– ( અંકે રુ બસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન– ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ તેનાં માલિકીની ખાત્રી કરી તેને સોંપી દેવો.

હુકમ આજરોજ તારીખ : ૦૫ / ૦૪ /૨૦૧૮ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫ / ૦૪ /૨૦૧૮
સુરત.

૧૯ માં એડીશનલ સીવીલ જજ
અને જે.એમ.એફ.સી., સુરત.
GJ01415